# અરજી પ્રવેશ ફોર્મ ભરવા સંબંધિત સામાન્ય સૂચનાઓ

૧. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં નેશનલ ઈર્ન્ફોમેટીક સેન્ટર તથા ગુજરાત ઈર્ન્ફોમેટીક્સ લિમિટેડના સહયોગથી ઓન લાઈન પ્રવેશ ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨. પ્રવેશ સત્ર **ઓગષ્ટ–૨૦૧૮** માં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ ઈન્ટરનેટના માદ્યમથી આ ખાતાની વેબ સાઈટ (1)https://www.talimrojgar.gujarat.gov.in (2) https://itiadmission.gujarat.gov.in/ પરથી ઓન લાઈન ભરી શકાશે.

૩. જે ઉમેદવારો ગરીબી રેખા હેઠળ આવતા હોય તેમણે તેમનો બીપીએલ યાદીનો નંબર પ્રવેશ ફોર્મમાં દર્શાવવાનો રહેશે.

૪. વેબસાઈટ ઉપર એપ્લીકેશન ફોર્મ ઉપર કલીક કરવાથી કોરૂં ફોર્મ કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર આવશે આ પ્રવેશ ફોર્મ જે સંસ્થા માટે ભરવું હોય તે સંસ્થાનું નામ સિલેકટ કરીને ઉમેદવારે બાકીની વિગતો ભરવી. ફોર્મમાં ઉમેદવાર દ્વારા જે સંસ્થાનું નામ સિલેકટ કરવામાં આવેલ હશે તે સંસ્થામાં સદર ફોર્મ આપોઆપ સબમીટ થઈ જશે.

૫. પ્રવેશ ફોર્મની તમામ વિગતો સંપૂર્ણ ભરી સબમિટ ઓપ્સન ઉપર કલીક કરવાથી આઈ.ટી.આઈ.ના યુનિક નંબર સાથે અરજી નોંધાઈ જશે.

૬. ઉમેદવાર એક કરતાં વધુ સંસ્થાનું ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકશે.

૭. ઉમેદવારે તેમનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો (15 KB Size, 5 c.m X 3.6 c.m.,Image Resolution 200 DPI) ફોટો અપલોડ કરવાનો રહેશે.

૮. ઉમેદવારના ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં કોઈ ક્ષતિ હોય તો એડિટ એપ્લીકેશન મેનૂમાં જઈ પોતાનો અરજી નંબર તથા જન્મ તારીખ એન્ટર કરીને જરૂરી સુધારો–વધારો કરી સેવ કરવાનું રહેશે.

૯. ઉમેદવારે અરજી સંપૂર્ણ રીતે ચકાસીને યોગ્ય લાગે તો અરજી કન્ફર્મ કરી લોક કરવું તેના માટે કન્ફર્મ એપ્લીકેશન મેનૂ ઉપર કલીક કરવાનું રહેશે. કન્ફર્મ કરેલ અરજી જ માન્ય ગણાશે. અને આ અરજીની પ્રિન્ટ લઈને રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ઉમેદવાર ઓનલાઈન ભરેલ અરજી ફોર્મ રાજયની કોઈ પણ સરકારી / ગ્રાન્ટ– ઈન– એઈડ સંસ્થા ખાતે રૂબરૂ જમા કરાવી શકશે.

૧૦. પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશન ફી **રૂ.૫૦/–** ઉમેદવારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ સંસ્થામાં જમા કરાવતા સમયે જે તે સંસ્થામાં જમા કરાવવાની રહેશે. રજીસ્ટ્રેશન ફી ની પહોંચ ઉમેદવારે ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં નીચે આપવામાં આવેલ છે તે જે તે સંસ્થા ખાતેથી **રૂ.૫૦/–** ભરી સહી / સિક્કા કરાવી મેળવી લેવાની રહેશે.

૧૧. પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં પ્રવેશ ફોર્મ ભરવા સંબધેની જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આ ખાતાની વેબ સાઈટ (1)https://www.talimrojgar.gujarat.gov.in (2) https://itiadmission.gujarat.gov.in/ ઉપરથી વાંચી, સમજી, વિચારી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. ઉમેદવારે ઓનલાઈન ફોર્મમાં વિગતો સાચી ભરેલ છે તેમ માનીને મેરિટ જનરેટ કરવામાં આવશે અને ઉમેદવારની રૂબરૂ મુલાકાત દરમ્યાન અસલ પ્રમાણપત્રોની ચકાસણી થતાં જો કોઈ ફેરફાર જણાશે તો તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૨. પ્રવેશવાંચ્છું ઉમેદવારોને પ્રવેશ સંબંધિત વધુ વિગતો તેમની નજીકની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના માર્ગદર્શન સેન્ટરનો રૂબરૂ સંપર્ક કરવાથી મળી શકશે.

૧૩. રોજગાર અને તાલીમ ખાતા દ્વારા વ્યવસાયલક્ષી તાલીમી અભ્યાસક્રમો થકી ઉમેદવારોને રોજગારી/સ્વરોજગારી પૂરી પાડવા સતત અને સઘન પ્રયત્નો થતા રહે છે. તેમાં સમયની જરૂરિયાત મુજબ વખતો વખત ઉચિત ફેરફારો, સંશોધન, પ્રયોગો ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. અને તેના હકારાત્મક પરિણામો પણ હાંસલ થાય છે. ઓનલાઈન પ્રવેશ ફોર્મ પણ હાલના સમયમાં એટલું જ પ્રસ્તુત હોવાથી ખાતાએ જનહિતમાં તેનો અમલ કરવાનું નકકી કરેલ છે.

૧૪. ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેનો SMS તેઓએ અરજી ફોર્મ માં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર મળશે આથી પ્રવેશ દરમ્યાન મોબાઈલ નંબર બદલવો નહીં.

૧૫. પ્રવેશ અંગેની માહિતી રાજ્યની તમામ સરકારી/ જી.આઇ.એ. આઇ.ટી.સી.ખાતે **પરિશિષ્ટ–૩** તથા **પરિશિષ્ટ–૪** માં દર્શાવેલ સંપર્ક નંબર ઉપરથી મેળવવાની રહેશે. વધુ વિગતો માટે નીચે દર્શાવેલ કચેરીઓ ખાતેના હેલ્પ લાઈન નંબર પરથી સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક દરમ્યાન ઉપલબ્ધ બનશે.

| ક્રમ | કચેરીનું નામ | હેલ્પ લાઈન નંબર |
|---|---|---|
| ૧ | ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર | ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ |
| ૨ | નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, બ્લોક નં.૧,૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦ | (૦૭૯)૨૩૨૫૨૧૧૯ |
| ૩ | નાયબ નિયામકશ્રી,(તાલીમ), પ્રાદેશિક કચેરી, આઇ.ટી.આઇ. હોસ્ટેલ બિલ્ડીંગ, કુબેરનગર, અમદાવાદ – ૩૮૨૩૪૦ | (૦૭૯)૨૨૮૨૨૪૨૬ |
| ૪ | નાયબ નિયામકશ્રી,(તાલીમ),પ્રાદેશિક કચેરી, ૯૧૩, "ઈ" બ્લોક, નવમો માળ, કુબેરભવન, કોઠી કેમ્પસ, વડોદરા–૩૯૦૦૦૧ | (૦૨૬૫)૨૪૩૮૪૭૭/ ૨૪૨૭૦૭૪ |
| ૫ | નાયબ નિયામકશ્રી,(તાલીમ), પ્રાદેશિક કચેરી, એનેક્ષી ભવન, બીજો માળ, બહુમાળી ભવન કંપાઉન્ડ, રાજકોટ–૩૬૦૦૦૧ | (૦૨૮૧) ૨૪૫૮૪૮૮/ ૨૪૭૬૮૫૦ |
| ૬ | નાયબ નિયામકશ્રી,(તાલીમ), પ્રાદેશિક કચેરી, બહુમાળી મકાન, બી–બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ | (૦૨૬૧)૨૪૭૫૧૯૫ |

૧૬. પ્રવેશ અંગેના નિયમો પ્રથમ કાળજીપૂર્વક વાંચી, સમજી અને પછી જ પ્રવેશ ફોર્મમાં જણાવ્યા મુજબ જ વિગતો ભરવી.

૧૭. નજીકની કોઈ પણ સરકારી / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી પ્રવેશ ફોર્મ દીઠ નિયત ફી **રૂા.૨૦/–** રોકડેથી ચૂકવીને ઓનલાઈન ભરી શકાશે. અલગ અલગ સંસ્થા દીઠ અલગ અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે તથા જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો સાથેનું સંપૂર્ણ રીતે ભરેલું ઓનલાઈન પ્રવેશ ફોર્મ **રૂા.૫૦/–** રજીસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનું રહેશે.

૧૮. ઓનલાઈન પ્રવેશ ફોર્મ અંગ્રેજી તથા ગુજરાતીમાં ભરી શકાશે. ગુજરાતીમાં અનુક્રમ નંબરઃ ૧ થી ૧૮ સુધીમાં દર્શાવેલ માહિતી ભરવાની રહેશે.

૧૯. પ્રવેશ ફોર્મમાં જયાં **૧** લખેલ છે ત્યાં ઉમેદવારનું નામ, પિતા/પતિનું નામ,અટક, માતાનું નામ, સરનામાની વિગતો પીનકોડ નંબર સહીત લખવાની રહેશે. લિંગ દર્શાવવા, માતૃભાષા ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે., એસ.ટી.ડી. કોડ સહીત ફોન નંબર, SMS માટે મોબાઈલ નંબર, ઈ–મેઈલ એડ્રેસ, ઉમેદવારે પોતાનું જે બેંકમાં ખાતું હોય તે બેંકનું નામ, બેંકની શાખાનું નામ, બેંકનો ખાતા નંબર, બેંકનો IFSC કોડ નંબર લખવો, ફોટો આઈડી કાર્ડની વિગતો ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે. તથા નંબર લખવાનો રહેશે. અટક અને નામ, સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં જ લખવા. આધારકાર્ડની વિગતો અચુક આપવી.

૨૦. **૨** લખેલ છે ત્યાં ઉમેદવારની જન્મ તારીખની વિગતો દર્શાવવા માટે છે. આ ખાનાઓમાં સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ જન્મ તારીખ દર્શાવવી. દા.ત. : જન્મ તારીખઃ૦૧/૦૬/૧૯૮૦ હોય તો તે મુજબ જન્મ તારીખ દર્શાવવી.

૨૧. **૩** લખેલ છે ત્યાં ઉમેદવારે પોતાને લાગુ પડતા ખાનામાં ઉમેદવારના ધર્મ અને જાતિ ડ્રોપબોકસમાંથી પસંદ કરવાના રહેશે.

૨૨. **૪** લખેલ છે ત્યાં ઉમેદવારે પોતાને લાગુ પડતા ખાનામાં ઉમેદવારની કેટેગરી ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે.

૨૩. **૫** લખેલ છે ત્યાં ઉમેદવારે પિતા / વાલીની વાર્ષિક આવકની વિગતો દર્શાવવાની છે. તેમજ સામેના ખાનામાંથી આવકનો દાખલો આપનાર સક્ષમ સત્તાધિકારીની વિગતો ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે.

૨૪. **૬** લખેલ ખાનામાં ધોરણ–૭ થી ધોરણ–૧૦ અથવા સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય તેની વિગતો દર્શાવવી.

૨૫. **૭** લખેલ ખાનામાં S.S.C. પાસ કર્યાનું વર્ષ અને તેની સામેની લાઈનના ખાનામાં ગુણ પત્રકનો નંબર દર્શાવવો.

૨૬. **૮** લખેલ ખાનામાં ડ્રોપબોક્ષમાંથી મેળવેલ લાયકાત પસંદ કરવાની રહેશે. તેમજ સામેના ખાનામાં જે તે ધોરણ પાસ કરવા માટે કરેલ પ્રયત્ન, કુલ ગુણ, મેળવેલ ગુણ, ધોરણ–૧૦ માં મેળવેલ ગણિત તથા વિજ્ઞાન વિષયના માર્કસ દર્શાવવા.

૨૭. **૯** લખેલ ખાનામાં ધોરણ–૧૨ પાસ કર્યાનું વર્ષ તેમજ ગુણ પત્રકનો નંબર દર્શાવવો.

૨૮. **૧૦** લખેલ ખાનામાં ડ્રોપબોક્ષમાંથી ધોરણ–૧૨ની સ્ટ્રીમ પસંદ કરવાની રહેશે. તેની સામેના ખાનામાં પ્રયત્ન, કુલ ગુણ અને મેળવેલ ગુણની વિગતો દર્શાવવાની રહેશે.

૨૯. **૧૧** લખેલ ખાનામાં ફેશન ડીઝાઈન / મેડીકલ ઈકવીપમેન્ટ મીકેનીકમાં પ્રવેશ માટે આઈ.ટી.આઈ. પાસ કરેલ ટ્રેડની વિગતો તેમજ તેના સામેના ખાનામાં પ્રયત્ન, કુલગુણ અને મેળવેલ ગુણની વિગતો દર્શાવવાની રહેશે.

૩૦. **૧૨** લખેલ ખાનામા સ્ટેનોગ્રાફર એન્ડ સેક્રેટરીયલ આસીસ્ટન્ટ(અંગ્રેજી) તેમજ સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર(અંગ્રેજી) વ્યવસાય માટે પસંદગી દર્શાવનાર ઉમેદવારે ફોર્મમાં ધોરણઃ૧૦/ધોરણ–૧૨માં અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણ દર્શાવવાના છે.

૩૧. **૧૩** લખેલ ખાનામા ડી.ટી.પી. ઓપરેટર વ્યવસાય માટે પસંદગી દર્શાવનાર ઉમેદવારે અંગ્રેજી ટાઈપમાં પ્રતિ મિનિટ શબ્દોની ઝડપની સંખ્યા દર્શાવવી.

૩૨. **૧૪** લખેલ ખાનામાં ઉમેદવારે ઉચ્ચ લાયકાત મેળવી હોય તો તે ડ્રોપબોકસમાંથી પસંદ કરવાની રહેશે. દા.ત.Bsc / Bcom વિગેરે દર્શાવવું .

૩૩. **૧૫** લખેલ ખાનામાં ઉમેદવારે શાળા છોડયાના પ્રમાણપત્ર (સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ) મુજબનો જિલ્લો દર્શાવવાનો રહેશે. દા.ત. : ઉમેદવારે છેલ્લી પરીક્ષા અમદાવાદ જિલ્લામાંથી પસાર કરી હોય તો અમદાવાદ દર્શાવવો.

૩૪. **૧૬** લખેલ ખાનામાં ઉમેદવારે તેમના માતા / પિતા / વાલી ગરીબી રેખા હેઠળ BPL (ગરીબી રેખાની નીચે) આવતા હોય તો ત્યાં ટીક કરવું અને BPL કાર્ડ નંબર / BPL નંબર દર્શાવવાનો રહેશે.

૩૫. **૧૭** લખેલ ખાનામાં અગાઉના પ્રવેશસત્રમાં પ્રવેશ મેળવેલ અને કોઈ પણ કારણોસર ૮૦ ટકાથી ઓછી હાજરી હોવાના કારણે નામકમી થયેલ હોય કે પરીક્ષામાં બેસી શકેલ ન હોય તેવા પુનઃપ્રવેશવાળા ઉમેદવારોએ વિગતો ભરવી.

૩૬. **૧૮** લખેલ ખાનામાં ડ્યુઅલ સીસ્ટમ ઓફ ટ્રેનિંગમાં તાલીમ લેવા ઈચ્છતા હોય તો ખરાની નિશાની કરવી. ડ્યુઅલ સીસ્ટમની તાલીમ સંબંધિત વિગતો મુખ્ય પેજ ના પાછળના ભાગમાં આપવામાં આવેલ છે.

૩૭. ઓનલાઈન પ્રવેશ ફોર્મની સંપૂર્ણ વિગતો ભરી છેલ્લે બાહેંધરીમાં હા પસંદ કરી સ્ક્રીન ઉપર જે કોર્ડ દેખાય તે ટાઈપ કરી ફોર્મ સબમિટ કરવાનું રહેશે જેથી અરજી કન્ફર્મ માટેનો સંદેશ ડિસ્પ્લે થશે તથા અરજી નંબર દેખાશે જે ઉમેદવારે નોંધી રાખવાનો રહેશે. ત્યાર બાદ કન્ફર્મેશન નંબર, એપ્લીકેશન નંબર અને જન્મ તારીખ એન્ટર કરી પ્રિન્ટ બટન કલીક કરી પ્રિન્ટઆઉટ મેળવી લેવાની રહેશે.

૩૮. ઓનલાઈન પ્રવેશફોર્મ સબમીટ કર્યા પછી અરજી નંબરનો ઉપયોગ કરી કન્ફર્મ એપ્લીકેશન કરવાથી કન્ફર્મેશન નંબર આપને SMS દ્વારા તથા કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર જોવા મળશે.

# પુનઃપ્રવેશ સંબંધિત સામાન્ય સુચનાઓ

૧. ડી.જી.ઈ.એન્ડ ટી. નવી દીલ્હીના તારીખઃ૧૧/૧૨/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃડીજીઈએન્ડટી–૧૯/૧૩/૨૦૧૪/સીડી મુજબ **૮૦** ટકા થી ઓછી હાજરીને કારણે પરીક્ષામાં બેસી શકેલ ન હોય તેવા એક્સ–તાલીમાર્થીઓને સુપરન્યુમરી બેઠકો ઉપર પ્રવેશ માટે પ્રાધાન્ય આપવાનું નકકી થયેલ છે. જે અન્વયે દરેક ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓએ તેમની સંસ્થાના તાલીમાર્થીઓ પૈકી **૮૦** ટકા હાજરી ન થવાને કારણે સેમેસ્ટર પરીક્ષામાં જેઓનો સમાવેશ કરવામાં આવેલ ન હોય તેવા તાલીમાર્થીઓને તે જ સંસ્થામાં તે જ ટ્રેડમાં સુપરન્યુમરી બેઠકો ઉપર પ્રવેશ માટે પ્રાધાન્ય આપી મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો રહેશે. આ માટે સંબધિત ઉમેદવારે **ઓગષ્ટ–૨૦૧૮માં** ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવું ફરજીયાત છે. અને તેમાં તેણે જે સંસ્થા / ટ્રેડમાં પ્રવેશ મેળવેલ હોય તેનો જૂનો એનરોલમેન્ટ નંબર દર્શાવવો ફરજીયાત છે.

૨. આ માટે સંસ્થા ખાતે આવા તાલીમાર્થીઓને પુનઃપ્રવેશ મેળવવા પત્રો પાઠવવા / સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રેસનોટ આપવી / સંસ્થાના નોટીસબોર્ડ ઉપર વિગતો પ્રસિદ્ધ કરવી તેમજ તાલીમાર્થીઓનો ટેલિફોનિક સંપર્ક કરી તેઓને સંસ્થા ખાતે રૂબરૂ બોલાવી પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરાવવાના રહેશે. પ્રવશે ફોર્મમાં તાલીમાર્થીનો જુનો એનરોલમેન્ટ નંબર ફરજીયાત અને સચોટ દર્શાવવાનો રહેશે. આ અંગેની ખરાઈ પણ સંસ્થાના વડા દ્વારા અંગત કાળજી લઈ કરાવી લેવાની રહેશે. જુના એનરોલમેન્ટ નંબર મુજબ અગાઉ જે ટ્રેડમાં પ્રવેશ મળેલ હશે તે જ ટ્રેડમાં મેરીટ આધારીત પ્રવેશ મળવાપાત્ર થશે.

૩. સૌ પ્રથમ સંસ્થા ખાતે અનુક્રમ–૧ મુજબ મળેલ અરજીઓ પૈકીના ઉમેદવારોને ટ્રેડવાઇઝ સુપરન્યુમરી બેઠકો ઉપર આવા ઉમેદવારોએ અગાઉ જે ટ્રેડમાં પ્રવેશ મેળવેલ હશે તે જ ટ્રેડમાં મેરીટ આધારીત પ્રવેશ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

૪. ત્યાર બાદ પ્રવેશ માટે રજીસ્ટર્ડ થયેલ તમામ ઉમેદવારોને મેરીટ મુજબ **ઓગષ્ટ–૨૦૧૮** ના પ્રવેશસત્રમાં ભરવાપાત્ર બેઠકો સામે તબકકાવાર બોલાવી દર વર્ષની જેમ જ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૫. અનુક્રમ નંબરઃ૩ મુજબ સુપરન્યુમરી બેઠક ઉપર પ્રવેશ મેળવેલ ઉમેદવાર જો જનરલ મેરીટમાં આવતા હોય તો તેમને સુપરન્યુમરી બેઠકો સામે પ્રવેશ આપેલ હોય જનરલ મેરીટ લીસ્ટમાં ગણી શકાય નહિં.

૬. સુપરન્યુમરી બેઠકો પર પુનઃપ્રવેશવાળા તાલીમાર્થીઓને પ્રાધાન્ય આપ્યા પછી જો સુપરન્યુમરી બેઠકો ખાલી રહેતી હોય તો મંજુર બેઠકો ભર્યા પછી જનરલ મેરીટ લીસ્ટમાંથી મેરીટ મુજબ આ ખાલી રહેતી સુપરન્યુમરી બેઠકો પણ ભરવાની રહેશે.

૭. જો કોઈ તાલીમાર્થી પુનઃપ્રવેશ મેળવવા ઈચ્છતા ન હોય તો તેઓ પાસેથી પુનઃપ્રવેશ મેળવવા માંગતા નથી તેવું બાહેંધરી મેળવી લઈ સંસ્થાના રેકર્ડમાં રાખવાનું રહેશે.

૮. ટ્રેડ ટ્રાન્સફરની પ્રક્રિયા વખતે જનરલ મેરીટ લીસ્ટ ધ્યાને લેવાનું રહેશે. આ મેરીટ લીસ્ટમાં સુપરન્યુમરી બેઠકો પર પ્રથમ સેમેસ્ટરમાં પુનઃ પ્રવેશવાળા તાલીમાર્થીઓનો સમાવેશ થતો હોય તો તેઓને પણ મેરીટ અનુસાર ટ્રેડ ટ્રાન્સફરની તક આપવાની રહેશે.

૯. શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના તારીખઃ૦૯/૦૪/૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃતલમ/૧૨૨૦૦૩/૧૧૩/૨(૨) માં જણાવ્યા મુજબ પ્રવેશ ફોર્મ ફી, રજીસ્ટ્રેશન ફી, કોશનમની ડીપોઝીટ, ટયુશન ફી નિયમાનુસાર વસુલ કરવાની રહેશે. (ટયુશન ફી ભરવામાંથી અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, દિવ્યાંગ તથા મહિલાઓને મુકિત આપવાની રહેશે.) ટયુશન ફી નહિં ભરનાર તાલીમાર્થીનો પુનઃપ્રવેશ રદ કરવાનો રહેશે. આવા તાલીમાર્થીને સફળતા પૂર્વક તાલીમ પુરી કર્યા પછી ડીપોઝીટ પરત કરી શકાશે.

૧૦. પુનઃપ્રવેશવાળા તાલીમાર્થીઓએ સંસ્થામાં નિયમીત હાજરી આપવાની રહેશે. તથા જે તે સેમેસ્ટરની પરીક્ષામાં બેસવા માટે જરૂરી ૮૦ ટકા હાજરી પૂર્ણ કર્યા પછી જ પરીક્ષામાં બેસી શકશે. ૮૦ ટકા હાજરીનું ધોરણ ફરજીયાત રહેશે.

૧૧. સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ–નિયમોનુસાર સ્ટાઈપેન્ડ/શિષ્યવૃત્તિ/રેલ્વે/બસ પાસ કન્સેશનનો લાભ આપી શકાશે.

૧૨. આ સુચનાઓ NCVT/GCVT(નોન.એફી.)ના અભ્યાસક્રમોમાં પુનઃપ્રવેશ મેળવતા તાલીમાર્થીઓ માટે લાગુ પડશે.

# મેરિટ યાદી નકકી કરવાની પદ્ધતિ અને અન્ય અગત્યની સૂચનાઓ.

૧. ઉમેદવારે ઓનલાઇન પ્રવેશ અરજી ફોર્મમાં પોતાની વિગતો કાળજીપૂર્વક ભરવી. પ્રવેશ ફોર્મ સાથે માર્કશીટ, સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટ, ટ્રાયલ સર્ટિફિકેટ, જાતિ અંગેનું પ્રમાણપત્ર, આવક અંગેનું પ્રમાણપત્ર, આધાર કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર, બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ વિગેરેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો અવશ્ય બિડવી.

૨. રાજયની કોઈપણ નજીકની સરકારી / ગ્રાન્ટ–ઈન–એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં નિયત કરેલ ફી **રૂ.૨૦/–** રોકડેથી ચૂકવીને ઓનલાઇન અરજી પ્રવેશ ફોર્મ ભરી શકશે. ભરેલું અરજી ફોર્મ ઉમેદવારે તેમની નજીકની સંસ્થામાં રૂ.૫૦/– રજીસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનું રહેશે.

૩. જો કોઈ ઉમેદવાર એક કરતાં વધુ સંસ્થામાં પ્રવેશ ફોર્મ ભરવા ઈચ્છતા હશે તો તેઓએ દરેક સંસ્થાદીઠ અલગ અલગ ઓનલાઈન પ્રવેશ અરજી ફોર્મ ભરવાનું રહેશે.

૪. ઉમેદવારે રૂબરૂ મુલાકાત સમયે પ્રવેશ ફોર્મમાં ભરેલ વિગતો પ્રવેશ આપતી વખતે ચકાસવામાં આવતા મૂળ સર્ટિફિકેટ કરતાં જુદી અથવા ખોટી માલૂમ પડશે તો તેવા ઉમેદવારોનો પ્રવેશ ખોટી માહિતી દર્શાવવા બદલ રદ થવાને પાત્ર રહેશે.

૫. ઉમેદવારે તેમના પસંદગીના વ્યવસાયમાં પ્રવેશ મળ્યે જોડાવવું ફરજીયાત છે, અન્યથા મળેલ પ્રવેશ રદ કરવામાં આવશે.

૬. પ્રવેશ અંગેના મેરિટની જાણકારી વેબસાઈટના માધ્યમથી તથા જે સંસ્થામાં તાલીમ માટે ફોર્મ ભરેલ છે તે સંસ્થામાંથી જ જાણી શકાશે અથવા https://itiadmission.gujarat.gov.in ઉપરથી જાણી શકાશે.

૭. ઉમેદવારની કે અન્ય ભૂલને લીધે માર્ક ધરાવતા હોવા છતાં જો પ્રવેશ યાદીમાં ઉમેદવારનું નામ ન હોય તો તેવા ઉમેદવારોએ ફોર્મ ભર્યાની સાબિતી સાથે જે તે સંસ્થાના આચાર્યશ્રીનો સંપર્ક સાધવો. જો ઉમેદવારના ગુણ અને વિગતો મેરિટપાત્ર જણાશે તો સંસ્થાના આચાર્યશ્રી પ્રવેશ માટે યોગ્ય કરશે.

૮. દરેક સંસ્થામાં વ્યવસાય દીઠ છેલ્લા કેટલા ગુણે પ્રવેશ અટકેલ છે તેની માહિતી સંબંધિત સંસ્થા ખાતેથી જાણી શકાશે.

૯. **ઉમેદવારને તેઓના પસંદગીના વ્યવસાયમાં એક વખત જે તે સંસ્થામા પ્રવેશ મળી ગયા બાદ પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા પછી એક સંસ્થામાંથી બીજી સંસ્થામા બદલી મળશે નહીં,** તેમજ ઉમેદવાર એક વખત પ્રવેશ મળી ગયા બાદ સત્ર શરૂ થયેથી સંસ્થામાં સતત ૧૦(દશ) દિવસ ગેરહાજર રહેશે તો તેનું નામ સંસ્થામાંથી કમી કરી નાખવામાં આવશે તેની અચૂક નોંધ લેવી.

૧૦. દરેક ઉમેદવારને ધોરણ ૧૦+૨ ની પદ્ધતિમાં ધોરણઃ૧૦ માં મેળવેલ ગુણના આધારે ૭૦૦ ગુણની સપાટીએ લાવવામાં આવશે. ધોરણઃ૧૦માં ફરજિયાત વિષયોના જ ગુણ ગણતરીમાં લેવામાં આવશે. ગ્રેડેડ પોઈન્ટ ગુણ હોય તેવા કિસ્સામાં કુલ ગ્રેડ પોઈન્ટ સામે મેળવેલ ગ્રેડ પોઈન્ટ દર્શાવવાના રહેશે.

૧૧. ધોરણઃ૧૦ ની પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરી હોય તેવા કિસ્સામાં ૭૦૦ ગુણની સપાટીએ લાવ્યા બાદ વધારાના દરેક પ્રયત્ન દીઠ ૧૫ ગુણની કપાત કરવામાં આવશે. (નિયમિત પ્રયત્ન બાદ કોઈ કારણસર પછીની પરીક્ષામાં ઉમેદવાર બેસે નહીં અથવા ડ્રોપ લે તો તે દરેક જતી કરેલ તકની ગણતરી કરી વધારાની તક દીઠ ૧૫ ગુણની કપાત કરવામાં આવશે) પરંતુ વધુમાં વધુ ૪૫ ગુણની કપાત કરવામાં આવશે.

૧૨. જે તે ટ્રેડ માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત ધોરણ:૧૦+૨ ની પદ્ધતિમાં ધોરણઃ ૭ કે ૮ પાસ છે તેમાં પ્રથમ ધોરણ:૧૦+૨ ની પદ્ધતિમાં ધોરણ:૧૦ પાસ ઉમેદવારોને પ્રવેશમાં અગ્રીમતા આપવામાં આવશે.

આમ છતાં ઉમેદવારો ન મળે અને બેઠકો ખાલી રહેશે તો ધોરણ:૯ પાસ ઉમેદવારો અને ત્યારબાદ ધોરણ:૮ પાસ અને ત્યારબાદ ધોરણ:૭ પાસ ઉમેદવારોને મેરિટ મુજબ પ્રવેશપાત્ર ગણવામાં આવશે.

૧૩. શિક્ષણ વિભાગના તારીખ:૨/૬/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક:મસબ/૧૨૧૧/૫૯૦/છ થી ધોરણ:૮ પછી આઈ.ટી.આઈ.નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટે NCVT કે GCVT ની પરીક્ષા પાસ કરેલ હોય અને જો તે ધોરણ:૧૦ની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેને ધોરણ:૧૦ સમકક્ષ ગણવા ઠરાવ થયેલ છે. તેવી જ રીતે ધોરણ:૧૦ પછી આઈ.ટી.આઈ.નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા પ્રાપ્ત કોર્સ કરેલ હોય અને તે માટે NCVT કે GCVT નીપરીક્ષા પાસ કરેલ હોય અને જો તે ધોરણ:૧૨ની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેને ધોરણ:૧૨ સમકક્ષ ગણવા ઠરાવ થયેલ છે. આવા કિસ્સાઓમાં મેરિટ નકકી કરવા ધોરણ:૧૦ની પ્રવેશ લાયકાત ધરાવતા વ્યવસાયો માટે આઈ.ટી.આઈ.ના NCVT કે GCVT ટ્રેડના થિયરી, પ્રેકટીકલ, વર્કશોપ કેલ્ક્યુલેશન એન્ડ સાયન્સ તથા એન્જિનીયરીંગ ડ્રોઈંગ (એમ્પ્લોયેબીલીટી સ્કીલ સિવાયના ગુણ) ના ગુણ તથા ધોરણ:૧૦ના ગુજરાતી અને અંગ્રેજી વિષયમાં મેળવેલ ખરેખર ગુણ ગણતરીમાં લેવાના રહેશે.

૧૪. ડિપ્લોમા ઈજનેરીની પરીક્ષા પાસ કરવા માટે એક કરતાં વધુ પ્રયત્નો કરેલ હોય તો વધારાના પ્રયત્નો દીઠ ૧૫ પરંતુ વધુમાં વધુ ૪૫ ગુણની કપાત કરી મેરિટ ગણવામાં આવશે.

## ધોરણ:૧૦ માં પ્રયત્નના માકર્સની ગણતરીની સમજ:

| ક્રમ | ધોરણ–૧૦ ના ગુણ | ધોરણ–૧૦માં કુલ મેળવેલ ગુણ | ૭૦૦ ગુણની સપાટીએ મેળવેલ ગુણ | પ્રયત્નની સંખ્યા | વધારાના દરેક પ્રયત્ન ની સંખ્યા x ૧૫ પરંતુ વધુમાં વધુ ૪૫ ગુણ બાદ | મેરીટ માટે ગણતરીમાં લેવાના અંતિમ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૫૦ | ૪૭૫ | ૪૭૫ x ૭૦૦ / ૬૫૦ = ૫૧૧ | ૧ | –– | ૫૧૧ |
| ૨ | ૬૫૦ | ૫૨૫ | ૫૨૫ x ૭૦૦ / ૬૫૦ = ૫૬૫ | ૨ | ૧૫ | ૫૫૦ |
| ૩ | ૬૫૦ | ૩૭૦ | ૩૭૦ x ૭૦૦ / ૬૫૦ = ૩૯૮ | ૩ | ૩૦ | ૩૬૮ |
| ૪ | ૬૫૦ | ૩૮૦ | ૩૮૦ x ૭૦૦ / ૬૫૦ = ૪૦૯ | ૩ થી વધુ | ૪૫ | ૩૬૪ |

## રૂબરૂ મુલાકાત અંગેની સૂચનાઓ

૧. જે ઉમેદવારોએ **રૂા.૫૦/-** ભરી રજીસ્ટ્રેશન કરાવેલ હશે તેવા ઉમેદવારોનો જ મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે. મેરિટ યાદી બે પ્રકારની રહેશે જનરલ અને જાતિ મુજબ. મેરિટ નંબર જાણવા માટે ઉમેદવાર ઉપરોકત વેબસાઈટ ઉપર ઓનલાઈન જોઈ શકશે. આ માટે ઉમેદવારો તેમનો અરજી ક્રમાંક, કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખનો ઉપયોગ કરવાથી ઓનલાઈન જોઈ શકશે. સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત માટેનો કાર્યક્રમ નકકી થયા બાદ આજ વેબ સાઈટ ઉપરથી રૂબરૂ મુલાકાત માટેનો કોલ લેટર પ્રિન્ટ કરી શકશે. જેમાં દર્શાવેલ સંસ્થા, તારીખ અને નિયત સમયે જે સંસ્થા માટે ફોર્મ ભરેલ હોય ત્યાં અસલ પ્રમાણપત્રો સાથે જરૂરી ફી સહીત તેમણે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૨. નિયત સમય મર્યાદામાં સંસ્થામાં મળેલ પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારોની પ્રવેશ માટેની અરજીઓ ઉપરથી બનાવેલ મેરિટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને મેરિટક્રમ અનુસાર પ્રવેશ સમયે ખરેખર ઉપલબ્ધ થનાર ખાલી બેઠકો ઉપર પ્રવેશ આપવામાં આવશે અને તે માટે ઉમેદવારને નિયત તારીખે અને સમયે રૂબરૂ મુલાકાત માટે અરજી કરેલ સંસ્થામાં આવવાનું રહેશે. જે તે સંસ્થામાં પ્રવેશ યોગ્ય ઉમેદવારોની મેરિટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે અને તે સાથે જ રૂબરૂ મુલાકાત અંગેનું સમયપત્રક નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. તે અનુસાર રૂબરૂ મુલાકાતના કાર્યક્રમ મુજબ જે તે ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવાનું રહેશે, તે માટે ઈન્ટરનેટના માધ્યમથી ઉમેદવારે રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ પ્રિન્ટ કરી તેમાં દર્શાવેલ તારીખે અને સમયે જે તે સંસ્થા ખાતે જરૂરી અસલ પ્રમાણપત્રો તથા જરૂરી ફી સાથે હાજર રહેવાનું રહેશે.

૩. નિયત તારીખ, સમય અને સ્થળે ઉમેદવારે પોતે સબંધિત તમામ મુળ પ્રમાણપત્રો, ગુણપત્રકો, પુરાવા સાથે હાજર રહેવું પડશે. તેમજ આ તમામ પ્રમાણપત્રો, ગુણ પત્રકો, પૂરાવા વગેરેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો સાથે લાવવાની રહેશે.

૪. સંસ્થા દ્વારા નકકી કરેલ અધિકારીઓ / કર્મચારીઓની ટીમ દ્વારા હાજર રહેલા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રો, ગુણપત્રકો અને અન્ય જરૂરી પૂરાવાઓની ચકાસણી કર્યા પછી ઉમેદવારને તે જ સમયે તેને મળવાપાત્ર ઉપલબ્ધ પસંદગીના દર્શાવેલ વ્યવસાયમાં પ્રવેશ ઓફર કરવામાં આવશે. જે ઉમેદવારે તે જ સમયે સ્વીકારવાનો કે ન સ્વીકારવાનો નિર્ણય કરવાનો રહેશે. અને અરજી ફોર્મની પહોંચ સાથે આપવામાં આવેલ ટ્રેડ સ્વીકૃતિ પત્રમાં સહી કરી રજૂ કરવાનું રહેશે અને તે જ વખતે પ્રવેશ મેળવ્યા બદલની પહોંચ તેઓએ મેળવી લેવાની રહેશે.

૫. જો ઉમેદવાર રૂબરૂ મુલાકાત સમયે અગ્રતાક્રમ મુજબના અભ્યાસક્રમની પસંદગી પૈકી તેમને મળવાપાત્ર પસંદગીના ટ્રેડમાં પ્રવેશનો સ્વીકાર ન કરે તો તેમને રૂબરૂ મુલાકાતના દિવસે વ્યવસાયમાં પ્રવેશમાં રસ નથી તેવો અસ્વીકૃતિ પત્ર લખી પોતાની સહી કરવાની રહેશે. આ મુજબનું લખાણ કરી આપ્યા પછી જો ઉમેદવારનો કોઈપણ કારણસર વિચાર બદલાય અને અગાઉ તેમને મળતા અને અસ્વીકાર કરેલ વ્યવસાયમાં અથવા જે તે સમયે ઉમેદવારને ઉપલબ્ધ વ્યવસાયમાં પુનઃ પ્રવેશની માંગણી કરે તો તેમાં બેઠકો ખાલી હોવા છતાં પુનઃ પ્રવેશની માંગણી ગ્રાહય રાખવામાં આવશે નહીં. તેથી ઉમેદવારે ખૂબ જ વિચાર કરી અને સાવધાની પૂર્વક ઉપર દર્શાવ્યા મુજબનું લખાણ કરી આપવા અનુરોધ કરવામાં આવે છે.

૬. રૂબરૂ મુલાકાત માટે આવતાં ઉમેદવારોને પ્રવેશ માટે બાંહેધરી આપવામાં આવતી નથી.

૭. રૂબરૂ મુલાકાત વખતે જો કોઈ ગુણપત્રક, પ્રમાણપત્ર વિગેરે ખોટા માલૂમ પડશે તો પ્રવેશ આપવામાં આવશે નહિં અને કાયદેસર પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. રૂબરૂ મુલાકાત સમયે પ્રવેશ આપ્યા પછી પણ પાછળથી જો કોઈ ગુણપત્રક, પ્રમાણપત્ર વગેરે ખોટું કે બનાવટી માલૂમ પડશે તો પણ વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરી તેની સામે કાયદેસર પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.

૮. જે ઉમેદવારને પ્રવેશ આપવામાં આવે તેને તે જ સમયે સંપૂર્ણ ફી ભરવાની રહેશે, ફી ભરવા માટે સમય લંબાવી આપવામાં આવશે નહીં. આથી રૂબરૂ મુલાકાતના દિવસે જરૂરી ફી અને કોશનમની લઈને આવવાનું રહેશે.

# સરકારી/ ગ્રાન્ટ–ઇન–એઇડ સંસ્થાઓમાં તાલીમી ફી નું ધોરણ

| ક્રમ | ઉમેદવારની કેટેગરી | કોશનમની ડિપોઝીટની રકમ રૂા. | ૬ માસની ટ્યુશન ફી ની રકમ રૂા. | કુલ રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | જનરલ | રૂા.૨૫૦=૦૦ | રૂા.૬૦૦/– | રૂા.૮૫૦/– |
| ૨ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત(બક્ષીપંચ) | રૂા.૨૫૦=૦૦ | રૂા.૬૦૦/– | રૂા.૮૫૦/– |
| ૩ | અનુસુચિત જન જાતિ | રૂા.૨૫૦=૦૦ | મુક્તિ | રૂા.૨૫૦/– |
| ૪ | અનુસુચિત જાતિ | રૂા.૨૫૦=૦૦ | મુક્તિ | રૂા.૨૫૦/– |
| ૫ | મહિલાઓ | રૂા.૨૫૦=૦૦ | મુક્તિ | રૂા.૨૫૦/– |
| ૬ | દિવ્યાંગ | રૂા.૨૫૦=૦૦ | મુક્તિ | રૂા.૨૫૦/– |

**નોંધ :** તાલીમાર્થીઓ પાસેથી લેવામાં આવતી રજીસ્ટ્રેશન ફી રૂા.૫૦/ તથા ટ્યુશન ફી માસિક રૂા. ૧૦૦/- લેખે છ માસિક **રૂા.૬૦૦/–** https://e-trams.gujarat.gov.in/ પરથી ફરજીયાત ઓનલાઈન ભરવાની રહેશે.